# બાલપુષ્પો પ્રત્યેનું વહાલ | શ્રદ્ધા ત્રિવેદી

[**‘ફૂલડાં વહાલાં લાગે’** : જગદીશ ધનેશ્વર ભટ્ટ, પ્ર.આ. જાન્યુ. ૨૦૦૮, પ્રકાશક : પોતે, મુખ્ય વિક્રેતા : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૮+૪૦, કિં. રૂ. ૫૦/-]

‘ફૂલડાં વહાલાં લાગે’ એ શ્રી જગદીશ ધનેશ્વર ભટ્ટનો ૪૦ બાલકાવ્યોનો સંગ્રહ છે. બાળક પણ જીવનવાડીનું એક પુષ્પ છે. બગીચો જેમ ફૂલોથી રળિયામણો લાગે તેમ કુટુંબ-ઘર બાળરૂપી પુષ્પથી મહેકતાં હોય છે. બાળકનો કિલકિલાટ ઘરમાં આનંદનું વાતાવરણ પ્રસરાવે છે. અહીં કવિએ બાલપુષ્પો પ્રત્યેનું પોતાનું વહાલ ભાવવૈવિધ્ય અને કલ્પનાવૈવિધ્યસભર કાવ્યો દ્વારા વ્યક્ત કર્યું છે. આ સંગ્રહની ઊડીને આંખે વળગે તેવી બાબત છે તેની ગેયતા. લય-પ્રાસયુક્ત આ કાવ્યો બાળકોને ગાતાં કરી દે તેવાં છે. કાવ્યસંગ્રહનું પ્રથમ જ ગીત છે : ‘પ્રાર્થના’.

‘‘અમે સૌ નાનાં નાનાં બાળ, પ્રભુજી ! લેજો અમ સંભાળ.’’ આવાં અન્ય ગીતો છે : ‘‘અમે પંખીડાં રે ઊંચા તે આભનાં.’’ (‘પંખીડાં’), ‘‘ચૌટા વચ્ચે ઊભો હો રાજ ! / સૌની વચ્ચે ઊભો હો રાજ ! /કેવો મજાનો ચબૂતરો.’’ (‘મજાનો ચબૂતરો’); ‘‘આવો મહેમાન મારે આંગણે રે લોલ / દેવાં કાંઈ અદકેરાં માન રે; / આવો મહેમાન મારે આંગણે રે લોલ.’’ (‘આવો મહેમાન’); ‘‘મારે તે આંગણે આવ્યો છે મોરલો, / થનગન થનગન નાચે છે મોરલો’’ (‘મોરલો’) વગેરે. કાવ્યસંગ્રહના ઊઘડતા પાને પ્રસ્તુત સંગ્રહની એક રચનાની ત્રણ પંક્તિઓ કવિએ મૂકી છે તે આ પ્રમાણે છે : ‘‘આવો હળીમળીને રહીએ, / સૌ મીઠા કલશોર કરીને સાથે રહીને રમીએ, / આવો હળીમળીને રહીએ.’’ – સાથે મળીને આનંદ કરવાની આ વાત ખાસ નોંધપાત્ર છે.

કવિની રચનાઓમાંથી પસાર થતાં એક પ્રકારની તાજગીનો અનુભવ થાય છે. કુદરત-પ્રકૃતિ સાથે કવિનો ઘરોબો આપણનેય પ્રતીત થાય છે. આ સંગ્રહમાં પ્રકૃતિ, વતનપ્રેમ, શાળા, રમકડાં, પંખી, રમતગમત અને ‘તાવડી’ જેવા કાવ્ય દ્વારા ગૃહઉપયોગી સાધન કાવ્યના વિષયો છે. વિષય ગમે તે હોય પણ કવિએ પ્રાસાનુપ્રાસ તરફ સભાનતાથી કામ કર્યું છે તે જણાય છે.

કાવ્યસંગ્રહનો પ્રારંભ ‘પ્રાર્થના’ કાવ્યથી થયો છે તે સૂચક છે. દિવસ ઊગે કે પહેલી આવે પ્રાર્થના ! આ પ્રાર્થનામાં ભણીને અફસર થઈ દેશસેવાની વાત સાંકળીને કવિ જાણે કહેવા માંગે છે કે બાળકરૂપી પુષ્પ કોમળ છે પણ તે દેશ માટે કઠણ પણ થઈ શકે છે, એ પછી આવે છે ‘રોજની વાત.’ દિનચર્યા કેવી હોવી જોઈએ તે અહીં બતાવવામાં આવ્યું છે. દાંત સાફ કરવા, સ્નાન કરવું – એ તો સ્વાભાવિક રીતે બધાં કરે. અહીં બાળકોને ‘તન-દુરસ્તી’ માટે જે કહેવામાં આવ્યું છે તે ધ્યાનપાત્ર છે. જેમકે, ‘‘વહેલી સવારે સૂરજ તડકે, કસરત હળવી કરીએ રે... ભોજન ટાણે એકચિત્તે સૌ, આવીને રસ કરીએ રે... સૂવા ટાણે સ્તુતિ કરતાં, નીંદર માણી લઈએ રે.’’

આ સંગ્રહમાં પંખીઓનું અને પ્રકૃતિનું વિશાળ સામ્રાજ્ય છે. તેમાંય વરસાદ-વાદળની વાત તો અનેક રીતે આવી છે. ‘મેહુલા’, ‘શું શિખવાડે ?’ ‘મને ગમતાં રે’, ‘અચરજ’, ‘સૂરજદાદા’, ‘ચાંદો’, ‘તલાવડી’, ‘વસંત’, ‘પંખીઓ તમામ’, ‘મને ગમે’, ‘વૃક્ષોને...’, ‘મોરલો’, ‘પંખીનો મેળો’, ‘લીમડો’ ને ‘ફૂલડાં વહાલાં લાગે’ – જેવાં અનેક કાવ્યોમાં પુષ્પ-પંખી-કુદરત અને બાળકની ભાવનાસૃષ્ટિ રજૂ થઈ છે. ‘ગમે’ કાવ્યમાં બાળકને શું શું થવું ગમે તે સમજવા જેવું છે. બાળક કહે છે : ‘‘બા ! મને સૂરજ થવું ગમે, સૂરજ થઈને તપવું ગમે.’’ પછી તે કહે છે કે મને ચાંદો થવું, વાદળ થવું, કળી થવું, પંખી થવું ને ઝરણું થવું ગમે. જોઈ શકાય છે કે બાળકમાં કેટલી બધી કુદરતપ્રીતિ છે. ને વળી એમ ચાંદો કે ઝરણું થઈને પછી એ શું કરશે તે પણ કહે છે; જેમકે, ઝરણું બનીને તે ગીત ગાવા ઇચ્છે છે. આમ બાળમાનસસૃષ્ટિ અહીં બહુ સહજ રીતે અભિવ્યક્ત થઈ છે. તો તેના આંગણે થયેલા ‘પંખીના મેળા’ના વર્ણનમાં તે પોપટ, કાગડો, મોર વગેરેનું પણ સુંદર વર્ણન કરે છે. ‘પાંખ બે આપો’માં તે ગાય છે : ‘મને ઊડવાની પાંખ બે આપો, કે મારે જાવું ઊંચેરા આભમાં.’ ‘વૃક્ષો...’ કાવ્ય એ વૃક્ષ વિષય ઉપર લખાયેલો નાનકડો પદ્યનિબંધ છે. તેમાં લય-પ્રાસ કરતાંય વૃક્ષની મહત્તા સુંદર રીતે વ્યક્ત થઈ છે. ‘ચાંદો’ કાવ્યમાં રજૂ થયેલું કાવ્યાત્મક વર્ણન રમણીય છે : ‘વૃક્ષ વૃક્ષને પાંદ પાંદ પટ રમત રમે અજવાળું રે, ખળખળ વહેતાં પાણી માંહે મોં જુએ લટકાળું રે.’’ આ સંગ્રહમાં આમ કુદરતનાં અનેક મનોહર ચિત્રો પ્રાપ્ત થયાં છે.

બાળક માત્ર કુદરત કે પંખીઓ સાથે જ તાદાત્મ્ય અનુભવે છે એવું નથી. એને ઘર-કુટુંબ-શાળા-વતન-દેશ વગેરે માટે પણ એટલો જ ભાવ છે. ‘નાનકડી બહેન’ તેને વહાલી છે. બહેન વિશેની વાત બહુ કલાત્મક અને ચિત્રાત્મક ઢબે રજૂ થઈ છે : ‘‘નાની શી આંખ જાણે એ રૂપેરી તારલા !’’ તો આ ચિત્ર જુઓ : ‘‘પીળી પીળી ઓઢણી ને રાતી છે ઘાઘરી, ઝાંઝર ઝણકાવતી દોડે એ પાધરી.’’ બાળકને દાદી વહાલી છે ને તે કેવી રીતે પોતાનો ઉમળકો વ્યક્ત કરે છે તે ‘દાદી આવે’માં જોવા મળે છે. સામાન્ય રીતે દાદી બાળકની સંભાળ લે, અહીં બાળક દાદીની સંભાળ કેવી રીતે લે છે તે જોવા જેવું છે : ‘‘ઝરમર ઝરમર વર્ષા ટાણે દાદીમાને છત્રી આપું, બહાર ફરીને દાદી આવે સામે દોડી આપું છાપું.’’ ‘હળીમળીને રહીએ’ કાવ્યની ભવ્ય ભાવના માણવા જેવી છે, પણ તેની ભાષા બાલભોગ્ય ઓછી લાગે છે. તેની સામે ‘નેહાબહેન લટકાળાં’ની શબ્દપસંદગી બહુ સ્વાભાવિક લાગે છે : ‘‘ભોળા ભટાક બહુ લાગે નેહાબહેન લટકાળાં’’ એ જ રીતે રવિવારની રજાની વાત પણ સહજ રીતે વ્યક્ત થઈ છે. વળી બાળકને માત્ર રમવું જ ગમે છે તેવું નથી. તેને ભણવું પણ ગમે છે. તેથી તે કહે છે : ‘‘મને વહાલી લાગે રે નિશાળ, નિશાળમાં જાવું છે.’’ (‘નિશાળ’) અને કહે છે કે, ‘આંક શીખવા દે.’ અલબત્ત, આંક શીખવાની સાથે તે બીજી અનેક પ્રક્રિયાઓ પણ કરવાનું કહે છે તે પણ ધ્યાનમાં રાખવા જેવું છે.

અહીં કુટુંબપ્રેમનાં કાવ્યો છે તેમ વતનપ્રેમ – દેશપ્રેમનાં કાવ્યો પણ છે. ‘ગુર્જર ધરણી !’, ‘અમે’, ‘અમે ભારતવાસી’ કાવ્યો આ સંદર્ભમાં વાંચવા જેવાં છે. ભારત એ ગામડાંઓનો બનેલો દેશ છે. અહીં પણ ગ્રામ્યમાહોલનાં સુંદર કાવ્યો છે. કવિકલ્પના પણ અહીં માણવા જેવી છે : ‘‘જળ માંહે સૂરજ હાલે તલાવડી છાકમ છોળ, રંગ સોનેરી છલકાવે તલાવડી છાકમ છોળ.’’ ‘તલાવડી’, ‘મજાનો ચબૂતરો’, ‘લીમડો’ વગેરે કાવ્યો ગામડું જીવતું કરે છે.

કેટલાંક કાવ્યો તેના વિષયને કારણે વિશિષ્ટ બન્યાં છે. જેમકે, ‘તાવડી’. એ જ રીતે ‘મજાની વાડી’ કાવ્યમાં ચિત્રોની હારમાળા રચાઈ છે અને વાડી જાણે કે તાદશ થાય છે. બાળકોને ઉખાણાં-જોડકણાં ગમે. અહીં નમૂનારૂપ જોડકણાં પણ છે. એક બાજુ ‘તાવડી’ પર ગીત છે, તો બીજી બાજુ સાંપ્રત સમયનું એક મહત્ત્વનું માધ્યમ – ટી.વી. પર પણ કાવ્ય છે,

ટી.વી. દ્વારા કવિએ તેમાં જોવા મળતી આખી દુનિયા કાવ્યમાં બતાવી છે. ‘સસલાભાઈને શરદી થઈ’ – એ નિમિત્તે લેખકે આયુર્વેદની વાત પણ સાંકળી છે. બાળક પોતે જે જુએ-જાણે તે પ્રમાણે તે પશુ-પંખીને પણ કરાવે. ને એટલે સસલાભાઈને ‘નાસ’ લેવડાવે. બાળકાવ્યસંગ્રહ હોય ને કોઈ રમત કે કોઈ તહેવારની વાત ન આવે તો તે સંગ્રહ અધૂરો ગણાય. અહીં ‘દિવાળી’નું કાવ્ય છે અને દિવાળી નિમિત્તે રીતરિવાજોની વાત સાંકળી છે. તો ‘સંતાકૂકડી’ની રમત પણ કવિએ બાળકોને રમાડી છે.

પ્રસ્તુત સંગ્રહમાં કવિએ સાચા અર્થમાં બાળભોગ્ય કાવ્યો આપ્યાં છે. પોતે બાળક બનીને જગતને જોવા પ્રયત્ન કર્યો છે. અને એ રીતે જે સંવેદનો અનુભવ્યાં છે તેને અહીં લયબદ્ધ કર્યાં છે. બાળકોને ગમે તેવાં સુંદર બાળકાવ્યોનો આ સંગ્રહ છે. કવિની કલ્પનાશક્તિ અને લયપ્રભુત્વનો તેને સરસ લાભ મળ્યો છે.

r